## જન્મદિને વધામણી



રાજસી રાજન શાહ



લક્ષ્મીબેન પરમાર
મો. ૯૯૦૪૫ ૮૨૪૩૫



રાહુલ પ્રજાપતિ
મો. ૭૦૪૩૭ ૭૪૫૦૧



શ્રીકેત ત્રિવેદી
મો. ૭૦૪૬૮ ૬૬૬૭૯

જીસીઈઆરટીના ઉપક્રમે

# રાજ્યના વિવિધ જિલ્લાઓના શિક્ષણ-તાલીમ ભવનના પ્રતિનિધિઓ માણેકબા પીટીસી કૉલેજની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૯

જીસીઈઆરટી દ્વારા રાજ્યના તમામ જિલ્લાના શિક્ષણ અને તાલીમ ભવનોના પ્રતિનિધિ અધ્યાપકોની વિવિધ જિલ્લાઓમાં ઉત્તમ કાર્ય કરતી શૈક્ષણિક સંસ્થાઓની પ્રેરણા મુલાકાતનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ અંતર્ગત માણેકબા પીટીસી કૉલેજ ખાતે શુક્રવારે પ્રેરણા મુલાકાત યોજાઈ હતી. સંસ્થાના આચાર્ય, સ્ટાફ તથા તમામ પ્રશિક્ષણાર્થી બહેનોએ સહુને 'સાચો શિક્ષક ધર્મ' પુસ્તકથી આવકાર્યા હતા. ભાવપૂર્ણ પ્રાર્થના સંમેલનમાં બાળગીતો, અભિનય ગીતોની રમઝટ ચાલી અને 'શિક્ષક સાચા અર્થમાં કલાકાર હોવો જોઈએ' એ બાબતનાં પ્રત્યક્ષ દર્શન થયાં. મહેમાનોએ પ્રશિક્ષણાર્થી બહેનોને હકારાત્મક વિચારસરણી અપનાવી હિંમતવાન, સબળ અને ઉત્તમ શિક્ષક બનવાની પ્રેરણા પૂરી પાડી, વાર્ષિક પરીક્ષાઓ માટે શુભેચ્છાઓ આપી.

સંસ્થામાં વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રાયોગિક શિક્ષણકાર્ય દરમિયાન બનાવેલી વિવિધ વિષયોના એકમોની પીપીટી, શૈક્ષણિક ચાર્ટ્સ, હસ્ત લિખિત અંકો, પ્રતિકૃતિઓ તથા લાયબ્રેરી, લૅબોરેટરી અને સંસ્થા પરિસરના ભાવપૂર્ણ માહોલની મહેમાનોએ મુલાકાત લીધી હતી. અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે 'શિક્ષણ વિચાર' સંગોષ્ઠિ યોજાઈ હતી. જીસીઈઆરટીનો આ પ્રયોગ ખરા અર્થમાં સફળ થયો તેવું તેમના પ્રતિનિધિ રશ્મિકાબેન મોદીના માધ્યમથી સંસ્થાને જાણવા મળ્યું હતું. સંસ્થાનાં નિયામક સ્મિતાબેને આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી સૌને પ્રેરણા-પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે ધોરણ-૮ની ૩૫૪ વિદ્યાર્થીનીઓ માટે શુભેચ્છા સમારોહ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે ધોરણ-૮ની ૩૫૪ વિદ્યાર્થીનીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ આ પ્રસંગે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા તથા શાળા સાથેનાં પોતાનાં સંસ્મરણો તાજાં કર્યાં હતાં. ધોરણ-૮ના વર્ગશિક્ષકો, સુપરવાઈઝર્સ અને આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીનીઓને શુભાશિષ પાઠવ્યા હતા. સંસ્થા તરફથી વિદ્યાર્થીનીઓને શુભેચ્છા રૂપે પૅનની ભેટ ધરવામાં આવી હતી.

ગુજકોસ્ટના ઉપક્રમે

# શહેરની સરકારી વિજ્ઞાન કૉલેજ દ્વારા રાજ્યકક્ષાનો સૅમિનાર યોજવામાં આવ્યો




ગાંધીનગર, તા. ૧૯

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં 'ક્રૉસિંગ એજીસ ઑફ રિસર્ચ ઈન સાયન્સીસ' વિષયે ગુજકોસ્ટ દ્વારા સ્પોન્સર્ડ રાજ્ય કક્ષાના સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મલ્ટીડિસીપ્લીનરી સૅમિનારમાં ગુજરાત રાજ્યની વિવિધ કૉલેજો ઉપરાંત યુનિવર્સિટીઓમાંથી ૧૬૫ જેટલા વિજ્ઞાનના પ્રાધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સૅમિનારના ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજના નિવૃત્ત ઍસોસિએટ પ્રૉફેસર પ્રૉ. પિયુષ પંડ્યા, અતિથિ વિશેષ તરીકે સાયન્સ સિટીના નિયામક ડૉ. નરોત્તમ સાહુ, સમારોહ પ્રમુખ તરીકે યજમાન કૉલેજના આચાર્ય ડૉ. કે જી છાયા, મહેમાન તરીકે અંબુજા ઈન્ટરમીડિએટ્સ, મહેસાણાના એ જે રોડ્રીક્સ, સરકારી વાણિજ્ય કૉલેજના આચાર્ય ડૉ. એસ જી દેસાઈ અને યજમાન કૉલેજના સંયોજક ડૉ. દિપેન ગાંધી ઉપસ્તિત રહ્યા હતા. આ સૅમિનારમાં ડૉ. કે જી છાયા, ડૉ. ગિરીન બક્ષી, ડૉ. એ વાય દેસાઈ અને ડૉ. ઍડવિન પીઠાવાલાએ વિષય અનુરૂપ વક્તવ્યો આપ્યાં હતાં.

ડૉ. નરોત્તમ સાહુએ વિજ્ઞાનના વિદ્યાર્થીઓને હતાશા ખંખેરી સંશોધન ક્ષેત્રે આગળ વધવા અપીલ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સંશોધન માટે ગુજકોસ્ટ તરફથી તમામ સવલતો આપવાની તત્પરતા બતાવી હતી.

સૅમિનારના પોસ્ટ લંચ સૅશનમાં ૧૦ સહભાગીઓ દ્વારા ઓરલ પ્રેઝન્ટેશન અને ૪૭ સહભાગીઓ દ્વારા વિવિધ વિષયો પરત્વે રિસર્ચ વર્કનું પોસ્ટર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. સંયોજક ડૉ. દિપેન ગાંધી તેમની ટીમે કાર્યક્રમનું સફળ આયોજન અને ડૉ. જિજ્ઞાસા ઠુમ્મરે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.



ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળા દ્વારા એલડીઆરપી યુનિ.માં આઈ.ક્યૂ.એ.સી. કાર્યક્રમ અંતર્ગત શાળાની આંતરિક ગુણવત્તા જાળવણી અને સુધારણા માટે શાળાના છેલ્લા ત્રણ વર્ષના અભ્યાસલક્ષી, ઈતર પ્રવૃત્તિઓનું તેમજ શાળાની ઉન્નતિ માટેના બહુમુખી વિકાસ અંગે ઉચ્ચકોટિના માપદંડ સાથે સંસ્થાના ચેરમેનશ્રી, વાલી મંડળ સમક્ષ શાળાના આચાર્યા મિલી મેડમ દ્વારા પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

ઝિંદા જિસ્મ કી
કોઈ અહમિયત નહીં
મઝાર બન જાને દો
મેલે લગા કરેંગે

## બીબીએ કૉલેજના ૨૦ વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશીપ પ્લેસમૅન્ટ

ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી પી કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનના ૨૦ વિદ્યાર્થીઓનું કૅપિટલ ફર્સ્ટ લિમિટેડમાં ૩૦ દિવસ માટે ઈન્ટર્નશીપ પ્લેસમૅન્ટ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે હાલ કૉલેજમાં ઍન્ડ સૅમેસ્ટર પરીક્ષાની તૈયારી ચાલી રહી છે. યુનિવર્સિટી પરીક્ષા પૂર્ણ થયા બાદ આ વિદ્યાર્થીઓ પોતાની ઈન્ટર્નશીપનો પ્રારંભ કરશે અને વૅકેશનનો સદુપયોગ કરશે.

ઈન્ટર્નશીપ ડ્રાઈવમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ખૂબ રસ દાખવ્યો હતો. કૅપિટલ ફર્સ્ટ લિમિટેડ દ્વારા કંપની વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ પ્રતિષ્ઠિત કંપની ૨૪ કરતાં વધારે પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ સાથે જોડાયેલી છે અને ક્રિસિલ દ્વારા તેને એએ પ્લસ ગ્રેડ પ્રાપ્ત થયો છે. ૬૦૦થી વધારે સ્ટોર્સ પર કંપની કાર્ય કરી રહી છે.

૩૦ દિવસની ઈન્ટર્નશીપ દરમિયાન વિદ્યાર્થીઓ કંપનીના વિશાળ નેટવર્કનો અભ્યાસ કરી ફાઈનાન્સ તેમજ માર્કેટિંગના ફિલ્ડમાં કેવી રીતે નિપુણતા મેળવી શકશે તેની માહિતી પણ આ પ્રસંગે કંપની દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ ઈન્ટર્નશીપ ડ્રાઈવને સફળ બનાવવા માટે કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, ટ્રેનિંગ અને પ્લેસમૅન્ટ હેડ ડૉ. જયેશ જે તન્ના તેમજ પ્રૉ. આશિષ ભુવા દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

# સ્કૂલ એટલે વિદ્યાર્થીના જીવન ઘડતરની પાઠશાળા

સંવેદના 'મારી યાદગાર સ્કૂલ'

અમારા જમાનામાં ટ્યુશન શું એની ખબર જ નહોતી. ફ્રી પિરીયડ પણ નહીં. શાળામાં જે ના આવડે તે અમારા શિક્ષકો ચાલુ તાસ હોય ત્યારે સમજાવી દેતા. મને યાદ છે એ જમાનામાં ૬ઠ્ઠા ધોરણની ફી બે રૂપિયા ને પચાસ પૈસા હતી. અને ગરીબ બાળકો માટે ફીની માફી હતી. અલબત્ત, મારા પિતાશ્રી ગુજરી ગયા ને હું નાપાસ થઈ તેથી ફી માફીનો લાભ મને ન મળ્યો. ત્યારે ચિંતા પેઠી કે હવે શાળા છોડવી પડશે. ભણવાની અદમ્ય ઈચ્છા પણ પૈસા નહીં. મારા વર્ગની સહેલીઓને ખબર પડી ત્યારે પોતાની બચતમાંથી એમણે મારી ફી ભરી દીધી, અગિયાર મહિનાની ફી મારાં ગુરુમા વિદ્યાબેને ભરી ને પછી તો હું પાસ પણ થઈ ગઈ.

અન્ય મારાં આદરણીય શિક્ષક તે મારાં સંગીત શિક્ષક. ધોરણ-૩થી ૭ સુધી તેમના સંગીત વર્ગનો લાભ લીધો. અને તેમના પ્રતાપે આજે ૭૪ વર્ષે પણ લય, તાન, આરોહ, અવરોહ સાથે ગાઈ શકું છું. મારાં સંગીત ગુરુ મને કહેતાં, બહેન ભાનુ, તને એક વાત કહું. ફૂલને તું કદી તોડીશ નહીં કે ભગવાનના કે કોઈના સન્માનમાં વાપરીશ નહીં. ડાળખી ઉપર એનું જેટલું આયખું હોય એટલું એને ભોગવવા દેજે. એ ફૂલો ભગવાનને ચડાવ્યા પછી સૂકાય ત્યારે કચરામાં જાય કે નદીમાં જાય અને પ્રદૂષણ થાય. હા કોઈના સન્માનમાં ખાદીની કાંતેલી આંટી પહેરાવજે, બધા આવું કરશે તો ખાદી વણનારને રોજીરોટી મળશે.

અમારો શિક્ષણનો સઘળો સામાન શાળામાં જ રહેતો અને ખરેખર ભાર વિનાનું ભણતર હતું.

એ વખતે ૮,૯,૧૦મું ધોરણ એટલે કે મેટ્રીક અને પછી કૉલેજનાં ત્રણ વર્ષ ભણવાનું હતું. ત્યારે કેજી કે ધોરણ-૧૧,૧૨ એવું નહોતું. પણ તેમ છતાં જિંદગી સફળતાપૂર્વક જીવી શકાઈ તે શાળાના શિક્ષણ અને તાલીમને કારણે જ.

**- ભાનુમતી સુધાકર શાસ્ત્રી**
**સૅક્ટર-૨૩**

સ્કૂલની વાત આવે એટલે મન પાછું બાળપણમાં પહોંચી જાય. દેવગઢ બારીયા મારું વતન અને મારી સ્કૂલનું નામ સર રણજિતસિંહ હાઈસ્કૂલ, જે એ સમયે સમગ્ર જિલ્લાની બેસ્ટ સ્કૂલ ગણાતી. રજવાડી બાંધણી, વિશાળ મેદાન અને મેદાનમાં અલગ વ્યાયામ શાળા ધરાવતી અમારી સ્કૂલનો કોઈ જોટો જડે એમ નથી. સ્કૂલમાં એ વખતે ધોરણ પાંચથી બાર હતાં. પ્રિન્સિપાલ શ્રી વી ઍન સોની અતિ કડક પણ પ્રેમાળ. સાયન્સ જેવા અઘરા વિષયને એવી રમૂજ સાથે હળવાશથી ભણાવતા કે એનો ભાર ન લાગે. અન્ય શિક્ષકો પણ પોતાના વિષયને એવો બખૂબી ન્યાય આપતા કે એ સમયે અમને નવાઈ લાગતી. ત્યારે આજના જેવું સોશિયલ મીડિયા કે ઈન્ફો મીડિયા નહોતું, સમૃદ્ધિ લાયબ્રેરીની. અમારા ગુરુજીઓ ઈતર વાચન પર ખૂબ ભાર મૂકતા. પરિણામે વાચનનો શોખ વિકસ્યો. અમારા ઈંગ્લિશના સર હતા, જેમને મારે ખાસ યાદ કરવા છે. શ્રી એન વી શુક્લ, એમની યાદદાસ્ત એટલી તેજ કે કયો જવાબ તમને ક્યાંથી મળશે એ ફકરા ને પાના નંબર સાથે કહી દે.

ભણતર એકલું જ નહીં, ઈતર પ્રવૃત્તિઓ જેમ કે નાટક, ગરબા, સ્પોર્ટ્સ પણ અમારી સ્કૂલમાં અવશ્યપણે થતાં. અમારી સ્કૂલે ઘણા રાજ્યકક્ષાના ખેલાડીઓ આપ્યા છે. સ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓ જે વિદેશમાં સ્થાયી થયા હોય તેઓ સ્કૂલની મુલાકાતે આવે અને વિદ્યાર્થીઓને સંબોધન કરે તે ક્ષણો મને ખૂબ ગમતી. ક્યાંય પણ સ્કૂલની વાત થતી હોય તો હું ગર્વથી મારી ઍસ આર હાઈસ્કૂલની વાત અવશ્ય કરું. સ્કૂલનું લોકેશન જ એવું સુંદર હતું કે જોતાં જ ગમી જાય. સ્કૂલની સામે તળાવ, બાજુમાં કૉર્ટ અને મામલતદાર કચેરી. જંગલો ધરાવતા મારા ગામની આસપાસથી ક્યારેક વન વિભાગે પકડેલો, પાંજરે પૂરેલો દીપડો મામલતદાર કચેરીએ લવાતો તો એને જોવા માટે રિશેષમાં દોડી જતાં.

આજે હું પણ શિક્ષક છું અને અનુભવું છું કે સ્કૂલ એ વિદ્યાર્થીના જીવનમાં માત્ર જડ મકાન નહીં, પણ ઘડતરની પાઠશાળા બની રહેતી હોય છે એ મારી સ્કૂલે સાબિત કરીને આપ્યું છે. એ સ્કૂલ, સૌ ગુરુજીઓ અને પ્રિન્સિપાલને મારાં કોટિ-કોટિ વંદન પાઠવું છું.

**- આશા એમ શર્મા**
**સૅક્ટર-૩**

મારી યાદગાર શાળા બોટાદની સરકારી શાળાઓ રહી છે. હું ધોરણ-૧થી ૭ સુધી ગામના દરવાજાની અંદર ાવેલી સરકારી શાળામાં ભણ્યો. અમારા વખતમાં અત્યારેના જેવી ઝાકમઝોળ નહોતી. સાતમા ધોરણ સુધી તો પાટીમાં લખવાનું હતું અને કપડાની થેલીમાં પાટી, પુસ્તકો, કંપાસ લઈને સ્કૂલે જવાનું રહેતું. બહુ સુધરેલા ઘરનાં છોકરાં ઍલ્યુમિનીયમની પેટી લઈને આવતાં. ઘણાં છોકરાઓને પાટીમાં લખવાની પૅન, કાંકરા ખાવીની ટેવ હતી. એ વખતે લાકડાનું ભૂસું ભરેલા કાંકરાના પડીકાં આવતાં. એ વખતે આંક પાકા કરવાનો બહુ જ આગ્રહ રાખવામાં આવતો એટલે એકાથી વીસા સુધીના આંક મોઢે કરવા પડતા ને સવાયા, દોઢા પણ ખરા. બધું જ પાટીમાં લખવાનું રહેતું. લખીને ભૂસવા માટે થૂંકનો ઉપયોગ કરતાં અને ગાભા જેવા રૂમાલથી સાફ કરતાં. ભીમાણી સાહેબ સારા કહેવાતા કારણ કે તેઓ ન આવડે તો મારા નહોતા પણ સમજાવતા હતા. જ્યારે મલવણિયા સાહેબ સાથળમાં ચીટિયો ભરીને મારતા અને અંગૂઠા પકડાવતા હતા. આ બધું સામાન્ય હતું, કોઈ ફરિયાદ કરતું નહીં. સમૂહમાં પ્રાર્થના થતી અને સમૂહમાં નિશાળની આજુબાજુ સફાઈ કરાવવામાં આવતી હતી. સાતમા ધોરણ સુધી છોકરા, છોકરીઓની સ્કૂલ અલગ રહેતી. એ વખતે શિક્ષક થવા માટે ધોરણ-૭ પાસ થયેલા વિદ્યાર્થીને શાળાંત પરીક્ષા પાસ કરવાની રહેતી. મેંય શાળાંત પરીક્ષા આપી હતી પરંતુ તે વખતે શિક્ષકોના પગાર બહુ ઓછા હતા અને સમાજમાં શિક્ષકની છાપ 'પંતુજી'ની હતી તેથી હું શિક્ષક ન થયો.

ધોરણ-૮થી ૧૧ એટલે હાઈસ્કૂલ, અહીં છોકરા-છોકરીઓ સાથે ભણવા માટે ભેગાં થાય. ધોરણ-૮થી અંગ્રેજી પણ ભણાવવામાં આવતું, અહીંથી પૅન, પાટી, થેલીમાંથી મુક્તિ મળી જતી અને નીચે બેસવાની જગ્યાએ બૅન્ચ પર બેસવા મળતું. હાથમાં નોટબૂક્સ અને પુસ્તકો લઈને જવામાં ગર્વ અનુભવાતો અને સ્કૂલમાં જતાં તો વટ મારતા. ધોરણ-૮માં અમને મોહંમદ માંકડ સાહેબ ભણાવતા હતા અને સનત સાહેબ સંસ્કૃત ભણાવતા હતા. ધોરણ-૮માં એક વિદ્યાર્થીની દક્ષા ઊભા સોમવાર કરતી, તેથી દર સોમવારે વર્ગમાં સતત ઊભી રહીને ભણતી. એક તો એ વર્ગમાં સૌથી ઊંચી ને વાને જરા શ્યામ હતી તેથી તેની સ્મૃતિ રહી છે. એ જ રીતે સરોજ વસાણી નામની છોકરી પણ બહુ ચર્ચામાં રહેતી ને એક તોફાની છોકરાને કારણે ઘણા પ્રશ્નો ઊભા થતા હતા એવું પણ યાદ છે. હાઈસ્કૂલની સામે ઉગડબાપુની જગ્યા હતી એવુંય સ્મૃતિમાં છે.

દરેક સ્તરે અભ્યાસ માટે સરકારી સ્કૂલ-કૉલેજનો ત્યારે ઉપયોગ થતો અને લાયકાતના ધોરણે સૌ આગળ આવતાં હતાં એ બરાબર યાદ છે. એ સોનેરી દિવસોને યાદ કરીએ છીએ તો એવું પ્રતીત થાય છે કે અત્યાર કરતાં તે વખતનું ભણતર સારું ને સરળ હતું. તે સમયનું શિક્ષણ વિદ્યાર્થીઓને સાચા ને સારા નાગરિક બનાવતું હતું. કોઈ કાવા-દાવા કે છળ-કપટની તો વાત જ નહીં, શિક્ષણ પવિત્ર અને સ્વચ્છ હતું.

**- ભગવાનભાઈ ગોહેલ**
**સૅક્ટર-૨૫**

મારી જિંદગીની પ્રથમ સ્કૂલ છે બાલકુંજ જે અમદાવાદમાં મણિનગર ખાતે આવેલી હતી. જેવું સ્કૂલનું નામ એવું જ તેનું કામ. સવાર થાય ને બાળકોરૂપી પંખીઓ ઘેરથી ઊડી-ઊડીને આવે અને કુંજરૂપી સ્કૂલમાં પરોવાઈ જાય. અને આ કુંજના પ્રાંગણમાં વટવૃક્ષ સમાન અમારા મોટાંબેન (રેણૂકાબેન)ના ખોળામાં દરેક બાળક માબાપની આંગણી છોડીને દોડીને બેસી જાય. મોટાંબેન પ્રેમથી દફતર ઉતારે અને પટાવાળાં શાંતિબેનને આપે, બાળકને વહાલથી માથે હાથ ફેરવી પ્રાર્થના ખંડમાં મોકલે. સાથે-સાથે મોટાંબેન બાળકનું નિરીક્ષણ પણ કરે. જો કોઈના નખ વધી ગયા હોય તો શાંતિબેનને કાપવા માટે કહે અને વાળ વિખાઈ ગયા હોય તો સરખા પણ કરી આપે. સ્કૂલની શરૂઆત પ્રેમથી થાય અને સ્વચ્છતા તથા પર્સનાલિટી પણ અહીંથી શીખવા મળે. શીખામણ કે ફરિયાદ કરતાં ઉકેલને મહત્ત્વ અપાય ને પ્રાર્થના સમૂહમાં ગાવામાં આવતી હતી.

અમારા બાળકુંજમાં દરેક વિષય સમજાવવામાં પ્રૅક્ટિકલ રીત અપનાવવામાં આવતી હતી, જેથી કોઈપણ પાઠ સમજવો સરળ બની જતો હતો. ઉદાહરણ તરીકે પ્રભાબેનનો કિસ્સો લઈએ. એમણે એકવાર બધાં બાળકોને ભેગાં કરીને પછી મોટી કથરોટમાં પાણી ભર્યું ને મેઘધનુષ બનાવીને બતાવ્યું, સાથે સાથે સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી અને એ વખતે ઍપોલો યાને અવકાશમાં ઊડાન ભરી હતી તેનાં ચિત્રો જાતે બનાવીને અમને વહેંચ્યાં હતાં, અમે આ ચિત્રો જોયાં અને સ્પર્શથી તેમને બરાબર ઓળખ્યાં પણ હતાં. એ પછી બીજા દિવસે એમણે અવકાશની અજાયબીનો પાઠ અમને ભણાવ્યો.

આજથી ૫૫ વર્ષ પહેલાં બાળકોને વિમાનઘર લઈ જવાં એ મોટી વાત હતી પ ણ અમારાં મોટાંબેન અમને ત્યાં લઈ ગયાં હતાં. અમે ચારેક વિમાનો ચડતાં-ઊતરતાં જોયાં હતાં. આ સમયે મોટાંબેને કહેલાં શબ્દો આજેય કાનમાં ગૂંજે છે, 'બાળકો, તમારે પણ આ રીતે જમીનથી ઊંચે આકાશમાં ઉડાન ભરવાની છે.' આ શબ્દોએ એમનાં હૈયાનો આત્મવિશ્વાસ અમારાં હૈયાંમાં ભરી દીધો હતો.

રિશેષમાં નાસ્તો કરવા સૌ સાથે બેસે. સૌને સ્કૂલ તરફથી સ્વાદિષ્ટ ને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવતો.

સાંજે સ્કૂલ પૂરી થાય એટલો સૌ મોટાંબેનને ઘેરી વળે, એમને નમસ્તે કરીને પછી જ ઘેર જાય. પણ જતાં જતાંય પાછું વળીને જુએ ને મનમાંથી અવાજ ઊઠે, હું બેનને છોડીને નહીં જાઉં! આજેય આ અવાજ મનમાંથી ઊઠે છે ને આજેય બાળકુંજમાં દોડી જવા મન એટલું જ આતુર છે!

**- આશાબેન જે દવે**
**સૅક્ટર-૩ એ**

મારી યાદગાર સ્કૂલ એટલે સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૨, ગાંધીનગર.

હું મારા માતા-પિતા તેમજ ભાઈ-બહેન સાથે જામનગર જિલ્લામાંથી ગાંધીનગર શહેર ખાતે ડિસેમ્બર, ૧૯૭૨માં આવ્યો. સ્કૂલમાં દાખલ થવા સારુ તપાસ કરતાં અઠવાડિયામાં મને સ્કૂલમાં દાખલ થવા સારુ તપાસ કરતાં અઠવાડિયામાં મને સ્કૂલમાં દાખલો મળી ગયો અને તે જ દિવસથી સ્કૂલે જવાનું શરૂ કરી દીધું. તે વખતે ધોરણ-૩માં દાખલ થયો હતો. નવી સ્કૂલનું નવું વાતાવરણ થોડું નવું લાગ્યું. પરંતુ થોડા જ સમયમાં નવા વાતાવરણમાં નવા મિત્રો સાથે સૅટ થઈ ગયો. સ્કૂલના શિક્ષકો ઘણા જ સારા હતા. જેમાં મૃદુલાબેન, જશોદાબેન, નરેન્દ્રભાઈ, શશીકાંતભાઈ, નિરંજનાબેન હતાં તેમની પાસે ભણવાની ખૂબ મજા પડતી. સ્કૂલમાંથી ઘરકામ આપતા જે ઘરેથી કરીને બીજા દિવસે સ્કૂલમાં શિક્ષકને બતાવતા. હા, એક વખત હું ઘરકામ કરી નહોતો ગયો તો મારા શિક્ષકે વર્ગખંડમાં બધાની વચ્ચે અંગૂઠા પકડાવ્યા હતા જે સજા આજે પણ યાદ આવે છે. મારી સ્કૂલનો સમય ૧૧થી સાંજે ૫ કલાક સુધીનો હતો. વળી, રિશેષ બપોરના બેથી અઢીની હતી.

સ્કૂલના આચાર્ય સાહેબનું નામ યાદ આવતું નથી પણ શાળામાં ગણવેશ હતો એ યાદ છે - સફેદ ખમીશ અને ખાખી ચડ્ડી. પગમાં જે પહેરવું હોય તે પહેરવાની છૂટ. હા, હું પગરખાં પહેરતો નહીં. શનિવારે સવારની સ્કૂલ રહેતી ને અડધો જ દિવસ ભણવાનું, ખૂબ મજા પડતી. ઘરે આવ્યા પછી જમીને તરત જ રમવા જતા રહેવાનું.

સ્કૂલમાંથી એક વખત પ્રવાસ લઈ ગયા હતા. એ વખતે હું ધોરણ-૪માં અભ્યાસ કરતો હતો. પ્રવાસનો ખર્ચ રૂા. ૩ હતો.

પિતાજીને પ્રવાસની વાત કરતાં એમણે મને રૂપિયા આપ્યા હતા. એ પ્રવાસ એટલે સૅક્ટર-૧૭નો સરકારી બગીચો, જ્યાં અમને ચાલતાં-ચાલતાં લઈ જવામાં આવ્યા હતા. શિક્ષકોએ અમને વિવિધ રમતો રમાડી અને પછી છાપાના કાગળમાં સેવ-મમરાનો નાસ્તો આપ્યો હતો. મારો આ પ્રથમ સ્કૂલ પ્રવાસ મારા માટે યાદગાર રહ્યો હતો. આજેય સૅક્ટર-૧૭ના સરકારી બગીચા પાસેથી પસાર થાઉં છું ત્યારે એ યાદો તાજી બની જાય છે.

**- ભરત બી ગોર**
**સૅક્ટર-૭ બી**

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**